# મતદારોનાં નામ ડિલિટ થવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં અરજી

## આજે સુનાવણી હાથ ધરાય તેવી સંભાવના

અમદાવાદ, તા.૨૬

ગત રવિવારે રાજયમાં છ મહાનગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં મતદારોના નામ ભેદી રીતે કમી (ડીલીટ) થઈ ગયેલા મતદારોના મુદ્દો ગંભીર વળાંક લીધો છે અને તેના બદલ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થઈ છે.આ અરજીમાં ચૂંટણી પંચ સામે ન્યાયિક તપાસ બેસાડવામાં તેમજ કમી થયેલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રિવોટિંગ (ફેરમતદાન) કરવા માટે માગણી કરવામાં આવી છે.

આ ઉપરાંત રવિવારે યોજાનારી પાલિકા-પંચાયતની ચૂંટણીમાં મતદારો કમી થવાની ઘટના ન બને તે માટે કોંગ્રેસે પણ પીઈએલ કરી છે અને તેની સુનાવણી આવતીકાલે શુક્રવારે કરાશે. એડવોકેટ અને એક્ટિવિસ્ટ કે.આર. કોષ્ટિ દ્વારા આ પિટિશન કરવામાં આવી છે. બુધવારે દેવદિવાળી અને નાનક જંયતીની રજાના દિવસે પણ વકીલની ઓફિસમાં પિટિશન તૈયાર કરવાનો ધમધમાટ ચાલુ રહ્યો હતો અને પિટિશન તૈયાર કરી દેવામાં આવી છે. આજે સવારે ઉઘડતી કોર્ટમાં આ પિટિશન દાખલ કરવામાં આવી હતી.સૂત્રોએ જણાવ્યું હતું કે, મતદાનના દિવસે નામ ડિલીટ થવાની ગંભીર ઘટના બની છે અને આ બાબતે ચૂંટણી પંચ તરફથી ચોક્કસ જવાબ રજુ કરવામાં આવ્યો નથી.એટલુ જ નહીં આવું કેમ બની ગયું તે બાબતે કોઈ યોગ્ય ચૂંટણી પંચ તરફથી ચોક્કસ જવાબ રજુકરવામાં આવ્યો નથી. એટલું જ નહીં આવું કેમ બની ગયું તે બાબતે કોઈ યોગ્ય કારણ પણ જણાવવામાં આવ્યું નથી. જેથી ભેદી સંજોગોમાં ડિલિટ થઈ ગયેલા નામ બાબતે ચૂંટણી પંચની આ કાર્યવાહી સામેત પાસ કરવા અને જે મતદારો મત આપવાથી વચિંત થઈ ગયા છે તેમના માટે પુનઃ મતદાન કે ફેરમતદાનની માગણી કરવામાં આવશે. આ પિટિશન હાઈકોર્ટ આવતીકાલે શુક્રવારે સુનાવણી કરશે. આ સમગ્ર મુદ્દો ગત રવિવારે છ મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં અને ખાસ કરીને અમદાવાદના મતદારોના નામ ભેદી રીતે કમી કરવામાં આવ્યા હતા. તે બાબત બહાર આવતા ઉભો થયો હતો. જે મતદારોને સ્લીપ વહેંચવવામાં આવી હતી તેઓ મતદાન કરવા ગયા ત્યારે તેમના નામ ઉપર ડિલીટ લખેલા લાલ સિક્કા વાગી ગયા હતા. અથવા તો તેમના નામ જ યાદીમાંથી ગુમ થઈ ગયા હતા. આ બાબતે ભારે હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસ દ્વારા તાબડતોબ ચૂંટણી પંચ અને રજુઆત કરવામાં આવી હતી.



સાબરમતી નદીમાં ઝંપલાવીને બે વિદ્યાર્થીનીઓએ આત્મહત્યા કરતા સનસનાટી મચી ગઈ હતી. આ મામલામાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિપંચ દ્વારા સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિપંચ દ્વારા નવા વર્ષના પ્રારંભ નિમિત્તે આગામી તા. ૨૯ નવેમ્બરને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે અમદાવાદ, વેજલપુર રોડ પોલીસ ક્વાટર્સની સામે, બળીયાદેવના મંદિર ખાતે સમાજના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના જુનિયર કે.જી., સીનીયર કે.જી. અને ધોરણ-૧ થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે ૧ થી ૩ ક્રમાંકે સન્માનવામાં આવશે. તેમજ બારશાખ રાજપૂત જ્ઞાતિપંચના લગ્ન ઉચ્છુક ઈચ્છતા યુવાવર્ગ માટે પસંદગી મેળાનું પણ આયોજન કરાયું છે. સમાજના પ્રમુખ લાલુસિંહ સીવરામભાઈ ચાવડાએ તમામ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

# કોંગ્રેસ પાર્ટી કન્ટ્રોલ રૂમ શરૂ કરવા માટે તૈયાર છે

અમદાવાદ, તા.૨૬

૩૧ જીલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં લઈ કોંગ્રેસ પક્ષ દ્વારા રાજીવ ગાંધી ભવન ખાતે કંટ્રોલ રૂમ તા. ૨૭-૨૮-૨૯ નવેમ્બર એમ ત્રણ દિવસ માટે શરૂ કરવામાં આવ્યો છે.

જેમાં રાજયમાં કોઈ પણ જગ્યાએ ચૂંટણીલક્ષી ફરિયાદ કે અન્ય બાબતો અંગે કંટ્રોલ રૂમના કો-ઓર્ડીનેટર તરીકે મંગલસિંહ સોલંકી તથા રોહિતભાઈ પટેલના નેતૃત્વમાં ૧૫ અગ્રણી કાર્યકરો જવાબદારી સંભાળશે.

# પ્રાંતિજમાં ખેતરવાળી મેલડીમાતા મંદિરે અન્નકૂટ ભરાયો

## દેવદિવાળીના દિવસે માના મંદિરે અન્નકૂટ દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ મા ખેતરવાળી મેલડી માતાના મંદિરે અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. તેના દર્શને લોકો ઉમટી પડ્યા હતા.

દેવદિવાળીના દિવસે પ્રાંતિજ ખાતે આવેલ ખેતરવાળી મેલડી માતાના મંદિરે દરવર્ષની જેમ આ વર્ષે પણ દેવદિવાળીના દિવસે મેલડી માતાના મંદિરે જયમાડી દ્વારા અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. જેમાં પ્રાંતિજ તથા આજુબાજુના લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અન્નકૂટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### સુરેન્દ્રનગર જિલ્લામાં આનંદીબેનનું સંબોધન

# ગુજરાત દુનિયાનું મોડલ સ્ટેટ બન્યું છે : આનંદીબેન

અમદાવાદ, તા.૨૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુરેન્દ્રનગર નવરચિત થાન તાલુકામાં ભાજપા ઉમેદવારના સમર્થનમાં ચૂંટણી પ્રચાર અભિયાનના દૌરમાં કહ્યું કે, ભાજપ સરકાર શાસનમાં આવી પછી વિકાસની તેજ રફતારથી ગુજરાત દેશ-દુનિયાનું મોડલ સ્ટેટ બન્યું છે. આનંદીબેન ઉમેર્યું કે, ભુતકાળના શાસકોએ ગ્રામીણ મહિલાઓને શિક્ષણની વંચિત રાખી અંગૂઠા મતપત્રોમાં લગાવડાવીને સત્તા મળેવવા જ ઉપયોગ કરેલો. અમે કન્યા શિક્ષણથી માંડીને મહિલાઓના આરોગ્ય સુધીની સર્વગ્રાહી યોજનાઓથી મહિલા સશક્તિકરણ કર્યું છે. નારી શક્તિને સખી મંડળોથી સશક્ત બનાવી ૧૭૦૦ કરોડનો આર્થિક કારોબાર સોંપ્યો છે. અમે નારીશક્તિનું માન-સન્માન ગૌરવ કરવાની સંસ્કૃતિ ધરાવતા લોકો છીએ એટલે ઘર-ઘર ટોયલેટ તથા માતા-બહેનોને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા બેઠકો આપી વિકાસમાં નારીશક્તિને ભાગીદાર બનાવી છે. એમ તેમણે રાજય સરકારના સ્ત્રી સશક્તિકરણ આયામોની સફળતા વર્ણવતાં કહ્યું હતું. મુખ્યમંત્રી નવરચિત થાન તાલુકાના સર્વાંગી વિકાસ માટેની ભાજપા શાસનની પ્રતિબદ્ધતા વ્યકત કરતાં જણાવ્યું કે, વિકાસની મુખ્ય ધરામાં હરેક નગર-ગામ-તાલુકો આવરી લઈ ગતિશીલ વિકાસને અમે સાકાર કર્યો છે. આનંદીબેન ૨૦૦૧ પહેલાંના ગુજરાતના વિકાસ ચિત્ર સાથે હાલના દોઢ દાયકામાં ભાજપાએ કરેલા અવિરત વિકાસને નજરોનજર નિહાળનારા-અનુભૂતિ કરનારા સૌ કોઈ ભાજપા પ્રત્યે જનાધાર વ્યક્ત કરશે જ તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે.જાડેજા, સાંસદ શંકરભાઈ વેગડ, મંત્રી જંયતિભાઈ કવાડીયા, સંસદીય સચિવ શામજીભાઈ સહિત પદાધિકારીઓ, જનસમૂહ આ વેળાએ ઉપસ્થિત હતા.

# પંચાયત મતદાન માટે હજારો જવાનો તૈનાત

અમદાવાદ, તા.૨૬

પંચાયતની મતદાનની સુરક્ષા વ્યવસ્થા માં પણ શહેર પોલીસ સામેલ થશે. અમદાવાદ શહેરનાં અડધો અડધ એટલે કે ૪૨૦૦થી વધુ પોલીસ બંદોબસ્ત માટે ગ્રામ્ય વિસ્તારોમાં તહેનાત કરવામાં આવશે. આજથી શહેર પોલીસનો વિશાળ કાફલો ચાર દિવસ માટે ચૂંટણી કામગીરીમાં સક્રિય બનશે તો ઝોન-૧નાં આઠ પોલીસ સ્ટેશનોને ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ અપાઈ છે.

આગામી ૩૦મીના રોજ રાષ્ટ્રપતિ અમદાવાદ આવવાનાં હોવાની ઝોન-૧નાં પોલીસ સ્ટેશનોનો સ્ટાફ સુરક્ષા વ્યવસ્થામાં ગોઠવાશે. આગામી રવિવારે જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો માટે મતદાન યોજાનાર છે.ગ્રામ્ય વિસ્તારોમાં બંદોબસ્ત માટે અમદાવાદ શહેરનાં ૪૨૦૦ પોલીસ કર્મચારીઓ આજથી ગ્રામ્ય વિસ્તારમાં રવાના થઈ જશે.

## તોફાની પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું હતું કે, બંધારણના જે આદર્શે અમને પ્રેરિત કર્યા છે તેના ઉપર ખતરા તોળાઈ રહ્યા છે. સોનિયા ગાંધીએ સરકારનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, અમને છેલ્લા કેટલાક મહિનામાં જે કંઈ જોવા મળ્યું છે તે સમગ્રરીતે ભાવનાઓની વિરુદ્ધમાં છે. બંધારણમાં આની તરફ ધ્યાન આપવાની જરૂર છે. ચર્ચા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગૃહમાં ઉપસ્થિત રહ્યા હતા. સોનિયા ગાંધીએ શાસક પક્ષ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે જે લોકોને બંધારણમાં કોઈ આસ્થા રહી નથી. સાથે સાથે આના નિર્માણમાં જેની કોઈ ભૂમિકા રહી નથી તે લોકો આ લોકોના નામ જપી રહ્યા છે અને નેતૃત્વ કરી રહ્યા છે. બંધારણ પ્રત્યે કટિબદ્ધ હોવાના મુદ્દા પર ચર્ચા થઈ હતી. આનાથી મોટી મજાક દેશની હોઈ શકે નહીં.

## શબ્દનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યંતિના પ્રસંગે બે દિવસીય વિશેષ ચર્ચામાં ભાગ લેતા રાજનાથસિંહે કહ્યું હતું કે, ૪૨માં સુધારા હેઠળ બંધારણની પ્રસ્તાવનામાં સામેલ કરવામાં આવેલા સેક્યુલર શબ્દનો વ્યાપક દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે જેને બંધ કરવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, આનાથી દેશમાં સદ્‌ભાવનાનું વાતાવરણ સર્જવામાં મુશ્કેલી થઈ રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ધર્મનિરપેક્ષ શબ્દનો ઉપયોગ બંધ કરવાની જરૂર છે, તેની જગ્યાએ ધર્મનિર્પેક્ષતાનો ઉપયોગ થવો જોઈએ. દેશમાં અસહિષ્ણુતાના નામ ઉપર દેશ છોડવાની વાત કરનાર લોકોની ઝાટકણી કાઢતા રાજનાથસિંહે કહ્યું હતું કે, આંબેડકરને પણ સમાજના નિચલા વર્ગથી જોડાયેલા હોવાના કારણે અનેક વખત અપમાનનો સામનો કરવાની ફરજ પડી હતી. તિરસ્કારનો સામનો કરવાની ફરજ પડી હતી પરંતુ આંબેડકરે ક્યારે પણ દેશ છોડવાની વાત કરી ન હતી. રાજનાથસિંહે ફિલ્મ અભિનેતા અમીર ખાનની પરોક્ષરીતે ઝાટકણી કાઢી હતી. આમિર ખાને હાલમાં જ અસહિષ્ણુતાનો મુદ્દો ઉઠાવીને કહ્યું હતું કે, તેની પત્ની કિરણ રાવ ભારત છોડવાની વાત તને કરી ચુકી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, બાબા સાહેબે એક વખતે કહ્યું હતું કે, અનામતની વ્યવસ્થાની સામાજિક રાજકીય જરૂરિયાત છે. તેમણે ઉમેર્યું હતું કે, આંબેડકર માનતા હતા કે, તમામને એક સ્તર પર લાવવાની જરૂર છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, આજે અનામતને રાજકીય મુદ્દા તરીકે લેવામાં આવે છે જ્યારે આ કોઈ ચુંટણી અને રાજકીય મુદ્દો નથી. આના પર ચર્ચાની કોઈ જરૂર નથી. અનામતના મુદ્દા ઉપર રાજનાથસિંહે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ બંધારણીય વ્યવસ્થા છે. અનામતની વ્યવસ્થા વિચારીને કરવામાં આવી હતી. તેને કોઈપણ રીતે હળવું કરી શકાય નહીં. રાજનાથસિંહે આંબેડકરને શ્રદ્ધાંજલિ આપતા દેશના પ્રથમ વડાપ્રધાન નહેરુ અને પ્રથમ ગૃહમંત્રી સરદાર પટેલને પણ યાદ કર્યા હતા.

## બોલરો છવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુશ્કેલી નડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અગાઉ નાગપુર ખાતે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચનાં બીજા દિવસે આજે બીજા સેશનમાં જ ભારતનાં પ્રથમ દાવમાં ૨૧૫ રનનાં ઓલઆઉટનાં જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ માત્ર ૭૯ રનમાં જ ખખડી ગઈ હતી. આફ્રિકાનાં બેટ્સમેનોએ ભારતીય સ્પીનરો સામે સંપૂર્ણપણે શરણાગતિ સ્વીકારી લીધી હતી. આફ્રિકાનાં કોઈપણ બેટ્સમેનો ભારતીય સ્પીનરો સામે ટકી શક્યા નહતાં. ભારત તરફથી અશ્વિને ૩૨ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે જાડેજાએ ૩૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. આ બંન્ને બોલરોનાં તરખાટ સામે આફ્રિકન બેટસમેનોનો ફ્લોપ શો રહ્યો હતો. અગાઉ નાગપુરના વિધર્ભ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ગઈકાલે પણ બોલરો છવાયેલા રહ્યા હતા. પ્રથમ દિવસે જ ૧૨ વિકેટો પડી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ટીમનો ધબડકો થયો હતો અને તમામ સ્ટાર ખેલાડીઓ સહિતના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ભારત તરફથી શિખર ધવન, ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી, રહાણે અને રોહિત શર્મા જેવા બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા અને એક પછી એક નિયમિતગાળામાં વિકેટો ગુમાવી હતી. આફ્રિકા તરફથી ડેલ સ્ટેનની જગ્યાએ ટીમમાં આવેલા મોર્કેલે ૩૫ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

## પડઘમ શાંત થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકો બંધ બારણે યોજાશે. જોકે આ વખતના પ્રચાર અભિયાનમાં યુવાવર્ગ વધુ સક્રિય થયેલો જોવા બન્ને પક્ષે મળ્યો છે.

જિલ્લામાં નવ બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામ્યો છે. જ્યારે ૨૦ બેઠકો પર ભાજપ કોંગ્રેસ વચ્ચે સીધી લડાઈ છે.

જિલ્લામાં નગરપાલિકાની ૭૨ બેઠકો છે તો ૩ તા.પં.ની ૮૦ બેઠકો છે. અને જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો છે. રાંધેજા બેઠક બિનહરિફ થતાં હવે જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો માટે જંગ ખેલાઈ રહ્યો છે.

ચાર રાજકીય પક્ષો અને અપક્ષો વચ્ચે આ સ્થાનિક સ્વરાજ્યનો જંગ જામ્યો છે.

## અન્ડરબ્રીજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે શહેરમાં વિવિધ ૧૩ જેટલા અન્ડરગ્રાઉન્ડ બ્રીજ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ વર્ષોથી આ બ્રીજ કાર્યરત નથી.ગત સમય દરમિયાન શહેરના મુખ્ય ઘ માર્ગ પર પથિકાશ્રમથી ઘ-૪ સુધી સર્વિસ રોડ બનાવવાની યોજના પણ વિચારણા હેઠળ હતી. પરંતુ તંત્ર લાંબા સમયના અંતે પણ હરકતમાં આવ્યુ નથી.આ માટે જરૂરી રૂટમાં આવતી જગ્યા માટે પણ જરૂરી પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ સર્વિસ રોડની યોજના હજુ સાકાર થઈ નથી. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે સેકટરોમાંથી મુખ્ય ધોરી માર્ગ પર સીધા આવવા માટે સર્વિસ રોડ જરૂરી હોવાથી આ મામલે પણ યોગ્ય આયોજન થાય તેવી લાગણી પ્રબળ બની છે. જેના પરિણામે ઘણાંખરા પ્રશ્નો હલ થઈ શકે તેમ છે.

## કર્મચારીની હત્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કપડા, દારૂની ખાલી બોટલ અને એરકુલર પાછળ પડેલુ લોહીના ડાખવાળુ ચપ્પુ પણ જોવા મળ્યું હતુ. કોઈ શખ્સો ગીલ્લુને લાકડાના ફટકા માથે મારીને હત્યા કરી ભાગી ગયા હતા. દરવાજાની દિવાલે બે કે તેથી વધુ હત્યારાના લોહીવાળા હાથની પ્રીન્ટ પણ પડી ગઈ હતી. તે ઉપરાંત ચપ્પુ પણ મારવાનો પ્રયત્ન કરેલો હોવાનું ગીલ્લુના હાથે પડેલા ચીરા અને ચપ્પુ પર લોહીના ડાઘ જોઈને ચોક્કસપણે કહી શકાય...! સુનિલભાઈ ધામૈયાએ પોલીસને ઘટનાની જાણ કરતાં સે. ૨૧ પી.આઈ. એલ.બી. મોણપરા તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા. તે ઉપરાંત ડૉગ સ્કવોર્ડ, ફીંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા એફએસએલના સાયન્ટીફીક અધિકારી જી.પી. દરબાર પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. હત્યારા સુધી પહોંચવા માટે મદદરૂપ થાય તેવા વિવિધ સેમ્પલ કલેક્ટ કરી લેવામાં આવ્યા છે. પોલીસે ગુનો નોંધી ઊંડી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ ગીલ્લુ સાતેક વર્ષથી ગાંધીનગરમાં રહે છે અને છેલ્લા બે વર્ષથી પરીવારજનો વતન ચાલ્યા ગયા હોવાથી અહી એકલા જ રહેતા હતા.

## સર્વિસ રોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. પરંતુ આ રૂટમાં સર્વિસ રોડ બનાવવા માટે ઉદ્યોગભવન તેમજ કાર્ટ કેમ્પસની જગ્યા મામલે પણ મંજુરી મેળવવાની અનિવાર્યતા છે. જગ્યાની ફાળવણી થાય તે માટે તંત્ર દ્વારા અગાઉ પત્ર વ્યવહાર કરી સંબંધિત કચેરીને જાણ પણ કરવામાં આવી હતી. પરંતુ વૃક્ષો તેમજ જમીનના મામલે આ આખી કાર્યયોજના અટવાયેલી પડી છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર આમપણ સ્વર્ણિમ પાર્કની યોજનાના અંતે ટ્રાફિકનો સિનારીયો પ્રભાવિત થયો છે. ત્યારે પીક અવર્સમાં સર્વિસ રોડના અભાવે માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ વધી જાય છે. ત્યારે ગિતનિયંત્રણના અભાવ વચ્ચે વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાય છે. કર્મચારીઓની અવરજવરને ડાયવર્ટ કરવા સર્વિસ રોડનુ કામ ઝડપભેર હાથ ધરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે.

## વ્યવસ્થામાં વ્યસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાનિક પરિબળોની અસર ખુબ મોટી હોવાથી મંત્રીઓ અને ધારાસભ્યો ચૂંટણીપ્રચાર અર્થે અંતરિયાળ જિલ્લા-તાલુકાઓના પ્રવાસે પહોંચ્યા છે. આથી મંત્રીઓની ઓફિસો છેલ્લા કેટલાય દિવસોથી ખાલી બની છે. મંત્રાલયો મંત્રીઓ વિના સુમસામ ભાસી રહ્યા છે.

બીજી તરફ સચિવો અને ઉચ્ચ અધિકારીઓને જુદા જુદા વિસ્તારોમાં ચૂંટણી નિરિક્ષણ સહિતની કામગીરી સોંપવામાં આવી છે. જેના પરિણામે તેઓ પણ હાલમાં માત્ર ચૂંટણીલક્ષી કામગીરી પર જ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની ગેરહાજરીના પરિણામે સચિવાલયમાં જાણે વેકેશનનો માહોલ જોવા મળી રહ્યો છે. દૂરદૂરથી કામ લઈને આવતા મુલાકાતીઓ પરત ફરી રહ્યા છે.

## કોંગ્રેસની માંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજકીય પક્ષોએ મતદારયાદી અંગે આજ સુધી કોઈજ વાંધા રજુ નહિ કર્યા હોવાથી તંત્રએ રાહતનો દમ લીધો છે. આ ઉપરાંત તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓ અંગે પણ રાજકીય પક્ષોના આગેવાનોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

મતદાન મથકેથી આવેલા મશીનો ક્યાં સ્વીકારવામાં આવશે; સ્ટ્રોંગરૂમમાં તેને મુકવા સહિતની તમામ વિગતો તેમજ સ્ટ્રોંગરૂમ માટે સતત પોલીસ બંદોબસ્ત રહેશે તેની પણ જાણકારી તંત્રના અધિકારીઓએ આજની બેઠકમાં આપી હતી.

ઈવીએમ ખોટકાય તો તેને ગણતરીની મિનિટોમાં જ રિપ્લેસ અથવા તો મરામત માટેની ટીમો પણ તૈયાર રાખવામાં આવી હોવાની વિગતો તંત્રએ પક્ષોના આગેવાનોએ આપી હતી.

આચારસંહિતા ભંગની એકપણ ફરિયાદ તંત્રને મળી નથી.

આજની બેઠકમાં ચૂંટણી માટે નિમાયેલા નિરીક્ષક શ્રી અનીશ માંકડ, અધિક નિવાસી કલેક્ટરશ્રી વિજય કાલરિયા તેમજ જિલ્લાના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તેમજ નોડલ ઓફિસરો હાજર રહ્યા હતા.

**કંપની સમાચાર**

# ઈન્ડિયન મોટરસાયકલનો ગુજરાતમાં પ્રવેશ

## અમદાવાદ સહિત રાજયભરમાં બાઈકપ્રેમીઓને આ ડિલરશીપ આવરી લેશે

અમેરીકાની અગ્રગણ્ય બાઈક (ઓફ રોડ અને ઓલ ટેરેઈન)



બ્રાન્ડ ધરાવતી પોલારીસ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની સબસીયડરી પોલારીસ ઈન્ડિયા પ્રા. લિમિટેડ તેની "ઈન્ડિયન મોટરસાયકલ" નામની લિજેન્ડરી બ્રાન્ડની ભારતમાં છઠ્ઠી અને રાજ્યમાં પ્રથમ ડિલરશીપ સ્થાપી રહી છે.

અમદાવાદમાં શરૂ થનારી આ ડિલરશીપે કંપનીના ભારતમાં તેના વ્યુહાત્મક વિસ્તરણનો ભાગ છે અને આ બ્રાન્ડના ચાહકોને વધુ નજીક લાવવાનો પ્રયાસ છે. અમદાવાદમાં નવી ડિલરશીપ એ વેસ્ટ ઈન્ડિયા ઓટો પ્રા. લિમીટેડ, સર્વે નંબર ૩૯૫/૩, સનાથલ ઓવરબ્રીજ નજીક, સરખેજ-બાવળા હાઈવે, ઓડી શો-રૂમની બાજુમાં આવેલી છે. જે ભારતમાં વધી રહેલા પ્રિમીયમ બાઈકીંગના કલ્ચરને એક નવો અનુભવ અને તેના ચાહકોની શાનમાં વધારો કરશે. આ ડિલરશીપ એ ૩૦૦૦ સ્કવેર ફીટ એરીયામાં પથરાયેલી છે. જેમાં ઈન્ડિયન મોટરસાયકલ બ્રાન્ડના તમામ પ્રિમીયમ બાઈક જેવા કે, ઈન્ડિયન રોડ માસ્ટર, ઈન્ડિયન ચીફ ડાર્ક હોર્સ, ઈન્ડિયન ચીફ ક્લાસીક, ઈન્ડિયન ચીફ વીન્ટેજ, ઈન્ડિયન ચીફટેઈન અને ઈન્ડિયન સ્કાઉટ મોડેલ ઉપલબ્ધ રહેશે.

આ નવા શૉ રૂમને પોલારીસ ઈન્ડિયા પ્રા. લિમીટેડના મેનેજીંગ ડિરેક્ટર પંકજ દુબે, વેસ્ટ ઈન્ડિયા ઓટો પ્રા.લિ.ના મેનેજીંગ પાર્ટનર વિક્રમ શાહ અને મેનેજીંગ પાર્ટનર આશિષ ખુરાનાએ ખુલ્લો મુક્યો હતો.

યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા સંચાલિત
યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર
ગુજરાત સુતરાઉ ખાદી - ૨૫% વળતર
ગુજરાત પોલીવસ્ત્ર ખાદી - ૨૫% વળતર
ગરમ ખાદી - ૨૦% વળતર
રેશમ ખાદી - ૨૦% વળતર
યોગીકૃપા ખાદી ભંડાર - મોડાસા
યોગીકૃપા ખાદી ભંડાર - ભીલોડા
અંબિકા ખાદી ભવન - અંબાજી
યોગીકૃપા ખાદી ભંડાર - મેઘરજ
અમારે ત્યાં સુતરાઉ, પોલી, ગરમ અને રેશમ ખાદી તેમજ આસન, શેત્રંજી, બેડશીટ, આસનપટ્ટા, લેંઘા, ઝભ્ભા, શર્ટ વિગેરે અવનવી ડિઝાઈનમાં મળશે. ઓફીસ, હોસ્ટેલ, ઘર ઉપયોગી ફર્નિચર મળશે.
અમારી સંસ્થા સરકારના નિયમ મુજબ વિના ટેન્ડર માન્ય છે.
સમય : ૧૦ થી ૭ સાંજના
સ્થળ : ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સ્કાયવ્યુ શોપીંગ સેન્ટર, ગાંધીનગર
ધર્મેન્દ્ર યોગી - મંત્રી
ઉષાબેન કે. ત્રિવેદી - પ્રમુખ
જસવંત સી. યોગી - વ્યવસ્થાપક
ફોન : 079-23224370 (C), 02774-244355 (HO)

